# જિલ્લામાં આગામી સપ્તાહમાં રોજના ૨૦૦ ટેસ્ટ કરાશે

## જિલ્લામાં કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે ખાસ કાર્યયોજના તૈયાર કરાઈ

ગાંધીનગર, તા. ૪ ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસો વધતાં હવે રોજના બસ્સો જેટલા ટેસ્ટ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આગામી સાત દિવસ દરમ્યાન કરવામાં આવશે.

આ માટે રાજ્યના અધિક મુખ્ય સચિવ રાજીવકુમાર ગુપ્તાએ આરોગ્ય વિભાગના અધિકારીઓ સાથે ફોન કરી વધારાની ટેસ્ટીંગ માટે ૧૦૦૦ કીટ ફાળવવા જણાવ્યુ છે.

ગઈકાલે જિલ્લાના અધિકારીઓ સાથે બેઠક બાદ તૈયાર કરાયેલ એકશન પ્લાન મુજબ આગામી બે દિવસમાં સેકટર-૨૪ ખાતેથી જ ૧૫૦ થી ૨૦૦ સેમ્પલ લઈ ટેસ્ટ કરવામાં આવશે તેવુ નક્કી કરાયુ હતુ.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મેડીકલ કોલેજ ખાતે ક્ષમતા ૧૦૦ ટેસ્ટની હતી તેમાં હવે વધારો કરવામાં આવ્યો છે.

આ એકશન પ્લાનમાં કરાયેલ નિર્ણય મુજબ હવે સમગ્ર જિલ્લામાં માસ્ક ફરજીયાત કરવામાં આવશે.

અધિકારીઓની સમીક્ષા બેઠકમાં ખાવાની વસ્તુઓ લઈ જતા ડિલવરી બોયની અવરજવરને પ્રતિબાંધિત કરવામાં આવે તેવી જિલ્લા પોલીસ વડાની રજુઆતને ગ્રાહ્ય રાખી આ અંગેના પ્રતિબંધાત્મક હુકમો પણ જારી કરવામાં આવ્યા છે.

આ બેઠકમાં ગાંધીનગરમાં રહી અને અમદાવાદ ખાતે નોકરી જનાર કર્મયોગીઓની સંખ્યા પણ વધુ હોવાથી આવા કર્મચારીઓની યાદી પણ આગામી ત્રણ દિવસમાં તૈયાર કરવા અને આવા કર્મચારીઓનું ટેસ્ટીંગ વધારવામાં આવે તેવી પણ સૂચનાઓ તંત્રને આપવામાં આવી હતી.

જિલ્લામાં કોરોનાને નિયંત્રણમાં લેવા માટે ૧૦ થી વધુ મુદ્દાઓ પર ભાર આ બેઠકમાં મુકવામાં આવ્યો હતો. ખાસ કરીને ખાનિગી હોસ્પિટલોને પણ કોવિડ હોસ્પિટલ તરીકે ઓળખવામાં આવે તે માટે ખાસ સૂચના આપવામાં આવી હતી.

આ બેઠકમાં ખાનગી તબીબો પણ ઝડપથી તેમના દવાખાના કાર્યરત કરે તે માટે તેમના કર્મચારીઓને આવન-જાવનની મંજૂરી આપવા સહિતના મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. તેમજ આ તબીબોને કોઈ શંકાસ્પદ કોરોનાનો દર્દી દેખાય તો તેના ટેસ્ટીંગ માટે પણ ખાસ વ્યવસ્થા ઉભી કરાય તેવી સૂચનાઓ અપાઈ હતી.



શહેરની કિલ્લેબંધી વધુ કડક બનાવાઈ છે. શહેરમાં પ્રવેશવાના માર્ગો પર ચોકી પહેરો કડક બનાવાયો છે. ચ-૭ સર્કલ પર ઉત્તર ગુજરાત તરફથી આવતા તમામ વાહનોને રોકવામાં આવી રહ્યા છે. આવશ્યક ચીજવસ્તુઓના વાહનોને જ શહેરમાં પ્રવેશ અપાતો હતો. તમામ વાહનોનું ચેકીંગ કરવામાં આવતું હોવાથી ચ-૭ સર્કલ પાસે ટ્રાફિક જામ થયેલો જોવા મળ્યો હતો.

### હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




બાપા... રોટી તો રેડ ઝોનમાં જ હોય... પણ ત્યાં જવાય નહીં ને... ??

# શહેરમાં અખબાર વિતરણ મામલે સરકાર સ્પષ્ટ સૂચના આપે

**સેક્ટરોમાં અખબાર વિતરણ માટે પોલીસ ફેરિયાને પ્રવેશ આપતી નથી : ડોક્ટર પોલીસની સાથે મીડીયા પણ કોરોના વોરિયર્સ તરીકે કામ કરે છે ત્યારે અખબારના વિતરણ મામલે ઉભી થતી અડચણો દુર કરવી અનિવાર્ય : નવા સેક્ટરોમાં ફરિયાઓને પોલીસ એન્ટ્રી આપતી નથી : મીડીયાકર્મીઓમાં પણ રોષ**

ગાંધીનગર તા ૪ ગાંધીનગરમાં આદેશ અને ઉપદેશ વચ્ચે અખબાર વિતરણની વ્યવસ્થા ખોરંભે પડી છે. અખબાર વિતરણના મામલે છુટ હોવાનુ ગાઈવગાડીને જણાંવતા સરકારી તંત્રની કોઈ ચોક્કસ નીતિ સ્પષ્ટ ન થતા શહેરના નવા સેકટરોમાં વહેલી સવારે અખબાર વિતરણ કરવા નિકળતા ફેરિયાઓને પોલીસ પ્રવેશ આપતી નથી. આ સ્થિતિ વચ્ચે અખબાર વિતરણનુ કામ ગોથે ચઢે છે. કોરોનાના કપરા કાળમાં વોરિયર્સ તરીકે મીડીયા પણ સમાજને જાગૃત કરવાનુ કામ કરે છે. આવા સંજોગોમાં મીડીયા કર્મી તેમજ ફેરિયાઓને કોઈપણ કનડગત ન થાય તે જોવાની જવાબદારી પણ સરકારની છે. સેકટરમાં અખબારનુ વિતરણ કરવા જતા ફેરિયાઓને પોલીસ ઉપરથી સુચના હોવાનુ જણાંવી પ્રવેશ આપતી નથી ત્યારે સરકારે છુટ આપ્યા બાદ ઉપરથી કોણ સુચના આપે છે તે મામલે પણ અનેક સવાલો મંડરાયા છે. અખબાર વિતરણ મામલે સરકારે સ્પષ્ટ વલણ અપનાવી પોલીસ સહીત સંબંધિત કક્ષાએ સીધી સુચના અનિવાર્ય છે.

ગાંધીનગરમાંથી સમગ્ર રાજયનો વહીવટ થાય છે. જયારે ઘણીવાર આ શહેરમાં જ દિવા તળે અંધારા જેવી સ્થિતિ થાય છે. એકબાજુ સરકાર અખબારોના આધારે આમ નાગરિકો વધુ જાગૃત બને તે માટે અખબારોનુ વિતરણ બંધ ન થાય તે માટે તે મામલે સજાગ હોવાનુ પણ જણાંવે છે. પરંતુ હાલ નવા સેકટરોમાં ઉપરથી સુચના હોવાના સ્લોગન સાથે પોલીસ અખબાર વિતરણ કરતા ફેરિયાઓને પ્રવશ આપતી નથી. જેના લીધે પેપર વિતરણનો મામલો ગોથે ચઢયો છે. કોરાના જેવી મહામારીમાં આમ નાગરિકો લોકડાઉનની સ્થિતિમાં આમ પણ ઘરે બેઠા અખબાર વાંચી અપગ્રેડ થઈ શકે તેમજ વધુ જાગૃત થાય તે અનિવાર્ય હોવાની વાતને પણ સમર્થન આપે છે. પરંતુ હાલની સ્થિતિએ ગાંધીનગરમાં અખબાર વિતરણમાં ફેરિયાઓએ અનેક

● અનુસંધાન પાના - ૭ પર

# રાજ્યામાં વસતા પરપ્રાંતિય ૨૧૫૦૦ શ્રમિકાને ૧૮ વિશેષ ટ્રેન મારફતે વતન મોકલ્યા

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પ્રવર્તમાન લોકડાઉનની સ્થિતીમાં અન્ય રાજયોના ગુજરાતમાં વિવિધ શહેરોમાં વસતા શ્રમિકોને પોતાના વતન-રાજ્ય જવાની વ્યવસ્થા માટે ભારત સરકારના દિશાનિર્દેશ મુજબ રાજ્ય સરકારના તંત્રને પ્રેરિત કર્યુ છે. શનિવારથી અત્યાર સુધીમાં ત્રણ દિવસમાં ૧૮ ટ્રેન મારફતે ૨૧૫૦૦ જેટલા શ્રમિકોને તેમના વતન-રાજ્ય મોકલવામાં આવ્યા છે તેમ મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિનીકુમારે જણાવ્યું હતું.

આ હેતુસર અત્યાર સુધીમાં સુરતથી ઓરિસ્સા માટે ૭ ટ્રેન, ઝારખંડ ને બિહાર માટે એક-એક ટ્રેન, અમદાવાદથી યુ.પી માટે ૬ ટ્રેન, બિહાર માટે ૩ ટ્રેન તેમજ વડોદરા, નડિયાદ અને પાલનપુરથી યુ.પી. માટે એક-એક ટ્રેન એમ ૧૮ ટ્રેનની વ્યવસ્થાઓ ભારત સરકારે રાજ્ય સરકાર સાથેના સંકલનમાં કરી આપી છે.

મુખ્યમંત્રીશ્રીના સચિવે જણાવ્યું કે, આવા પરપ્રાંતિય અન્ય રાજ્યોના શ્રમિકો-કામદારો માટેની ટ્રેન વ્યવસ્થા ભારત સરકાર દ્વારા રાજ્યને જેમ ટ્રેન મળતી જશે તેમ કરવામાં આવશે. એટલું જ નહિ, આવા શ્રમિકોએ જે-તે જિલ્લા કલેકટરની હેલ્પલાઈન ૧૦૭૭ ઉપર નોંધાવાનું પણ રહેશે.

મુખ્યમંત્રીશ્રીએ ખાસ કરીને સુરતમાં વસેલા-સૌરાષ્ટ્રના બોટાદ, અમરેલી, ભાવનગર વગેરે જિલ્લાઓના વતની રત્નકલાકારો જો પોતાના વતન જવા માંગતા હોય તો એ અંગે પણ યોગ્ય વિચારણાઓ હાથ ધરી છે.

મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રીએ આ સંદર્ભમાં જણાવ્યું કે, આવા રત્નકલાકારો જ્યારે તેમના વતન ગામ જાય ત્યારે કોરોના ફેલાય નહિ અને તેઓ સુરતમાં પરત પણ ફરી શકે તે માટેની સમગ્ર બાબતો અંગે રાજ્ય સરકાર વિચારાધિન છે.

તેમણે આ અંગે વધુમાં જણાવ્યું કે, આવા રત્ન કલાકારોને તબક્કાવાર અને સોશિયલ ડીસ્ટન્સીંગ સાથે મંજૂરી, મળે તેમનું સુરતમાં સ્કીનીંગ થાય તેમજ તેમના વતન જિલ્લામાં જ્યારે તે પહોચે ત્યારે ત્યાં પણ સ્કીનીંગ થાય, ગ્રામ પંચાયત કે નગરપાલિકા નક્કિ કરે તે રીતે ૧૪ દિવસ માટે આવા રત્ન કલાકારને હોમ અથવા પબ્લીક કવોરેન્ટાઈન સ્થળે કવોરેન્ટાઈન થવાનું રહેશે.

# ગાંધીનગર જિલ્લામાં રાંધેલા ભોજનની હોમ ડીલીવરી પર પ્રતિબંધ ફરમાવાયો

ગાંધીનગર, તા. ૪ ગાંધીનગર જિલ્લામાં રાંધેલા ભોજનની હોમ ડિલીવરી પર ગાંધીનગર કલેકટર શ્રી ડાં.કુલદીપ આર્ય દ્વારા પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં નોવેલ કોરોના વાયરસના પોઝિટીવ કેસોનો સતત વધારો થઈ રહ્યો છે. કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અલગ અલગ તકેદારીના પગલા લેવામાં આવી રહ્યાં છે. ગાંધીનગર જિલ્લાના ઝુંડાલ ગામ ખાતે ઝોમેટોમાં ડીલીવરીનું કામ કરતાં યુવાનને કોરોના પોઝિટીવ આવતા જિલ્લા કલેકટર શ્રી ડાં. કુલદીપ આર્ય દ્વારા સંક્રમણ વધતું અટકાવવા માટે ગાંધીનગર જિલ્લામાં રાંધેલા ભોજનની હોમ ડિલીવરી પર પ્રતિબંધ મૂકયો છે.

આ અંગેના જાહેરનામાં જિલ્લા કલેકટર શ્રી ડાં.કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લામાં ઝોમેટો, સ્વીગી, ઉબેર, ઈટ, ફૂડ પાંડા, ડોમીનોઝ અને રેસ્ટોરન્ટ દ્વારા આપવામાં આવતી તમામ વસ્તુઓની હોમ ડીલીવરી કરતી કંપનીના ડીલીવરી બોય દ્વારા તેનું વેચાણ કરવામાં આવે છે. આ કંપનીઓના ડીલીવરી બોય મોટી સંખ્યામાં અવરજવર કરતા હોવાથી સુપર સ્પ્રેડર થવાની શક્યતાઓ રહેલી છે. તેથી નોવેલ કોરોના વાયરસ ફેલાતો અટકાવવા માટે આવી તમામ કંપનીઓ જે ડીલીવરી બોય દ્વારા હોમ ડીલીવરી કરે છે તેના પર પ્રતિબંધિ મુકવાનું જણાવ્યું છે. આ હુકમ તા. ૦૫ થી ૧૯ મી મે, ૨૦૨૦ ના ૨૪.૦૦ કલાક સુધી (બન્ને દિવસ) કરવાની રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લધન કરનાર સામે નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ- ૫૧ થી ૫૮ તથા ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમ – ૧૯૭૩ ની કલમ- ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી અથવા હેડ કોન્સ્ટેબથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારી/કર્મચારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિઓ સામે ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવ્યો છે.



શહેરના દુકાનદારો, શાકભાજી વેંચનારાઓ અને ફેરિયાઓને મહાનગરપાલિકા દ્વારા માસ્કનું વિતરણ શરૂ કરાયું હતું. શહેરના તમામ સેક્ટરોમાં શાકભાજી અને આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલા સૌને સેનેટાઈઝર અને માસ્ક અપાયા હતા.

**ઘરમાં રહો સુરક્ષિત રહો**

ઘરમાં રહો, સુરક્ષિત રહો
આપણે સુરક્ષિત, તો રાષ્ટ્ર સુરક્ષિત
સત્યમેવ જયતે ગુજરાત સરકાર

૬૧ લાખથી વધુ મધ્યમવર્ગીય APL-1 પરિવારોના હિતમાં રાજ્ય સરકારનો માનવતાવાદી નિર્ણય
સમગ્ર ગુજરાત રાજ્યમાં



સતત બીજા મહિને
૭મી મે થી વિનામૂલ્યે
અન્ન વિતરણ



માસ્ક નહીં તો અન્ન નહીં

Non-NFSA APL-1 રેશનકાર્ડ ધરાવતા અઢી કરોડ કરતાં વધુ લોકોને મે મહિનામાં વિનામૂલ્યે અન્ન વિતરણનો મુખ્યમંત્રીશ્રીનો સંવેદનશીલ નિર્ણય

• અન્ન વિતરણ વ્યવસ્થા સરળતાથી કાર્યરત રહે તે માટે તા. ૭મી મે થી ૧૧ મે દરમ્યાન (૧૫ આંકડાના રેશનકાર્ડ નંબરમાં પાછલા આંકડાની સંખ્યા એટલે કે છેલ્લે ૨૧ હોય તો ૧ નંબર સમજવો) તે મુજબ અન્ન વિતરણના દિવસો નિર્ધારીત રહેશે

| બુકલેટ નંબર : XXXXX XXXXX | Non-NFSA APL-1 Card |
|---|---|
| રેશન કાર્ડ નં: | XXXXX XXXXX XXXX1 જન સંખ્યા XX |

Non-NFSA APL-1 રેશનકાર્ડ ધારકોના કાર્ડ નંબરમાં
છેલ્લા આંકડાનો નંબર ૧ અને ૨ હોય તેમને તા. ૭ મે
છેલ્લા આંકડાનો નંબર ૩ અને ૪ હોય તેમને તા. ૮ મે
છેલ્લા આંકડાનો નંબર ૫ અને ૬ હોય તેમને તા. ૯ મે
છેલ્લા આંકડાનો નંબર ૭ અને ૮ હોય તેમને તા. ૧૦ મે
છેલ્લા આંકડાનો નંબર ૯ અને ૦ હોય તેમને તા. ૧૧ મે
વિનામૂલ્યે અન્ન વિતરણ કરવામાં આવશે. પરંતુ, અનિવાર્ય સંજોગોમાં જો કોઈ રહી ગયુ હશે તો તેઓ તા. ૧૨ મે ના રોજ અન્ન મેળવી શકશે

• રાજ્યભરમાં આવેલી ૧૭ હજાર જેટલી સસ્તા અનાજની દુકાનો પરથી Non-NFSA APL-1 રેશનકાર્ડ ધરાવનારને કાર્ડદીઠ મે માસ પુરતું ૧૦ કિ.ગ્રા. ઘઉં, ૩ કિ.ગ્રા. ચોખા, ૧ કિ.ગ્રા. ચણા દાળ/ચણા અને ૧ કિ.ગ્રા. ખાંડ વિનામૂલ્યે અપાશે. ગ્રાહકે પોતાનું રેશનકાર્ડ, આધારકાર્ડ/ઓળખકાર્ડ સાથે રાખવું
• સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાય-સુચારુ રીતે અન્ન વિતરણ થાય તેવી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા દુકાનદીઠ શિક્ષક, તલાટી કે ગ્રામસેવક, પોલીસ અને સ્થાનિક અગ્રણીની કમિટિ વ્યવસ્થા સંભાળશે

૬૮.૮૦ લાખ NFSA કાર્ડધારકોને ૧૭મી મે થી વિનામૂલ્યે અન્ન વિતરણ કરવામાં આવશે



મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની અપીલ
"રાજ્યમાં APL-1 કાર્ડ ધરાવતા સુખી-સંપન્ન પરિવારો સ્વૈચ્છિક રીતે પોતાનો અધિકાર જતો કરીને, જરૂરિયાતમંદોને અન્નનો જથ્થો સત્વરે મળે તે માટે હેવ એન્ડ હેવનોટની ખાઈ પૂરવાનું સામાજિક દાયિત્વ અદા કરે"



કોરોના વાયરસથી બચવા અન્ન મેળવતી વખતે માસ્ક જરૂર પહેરીએ તથા ખોટી ભીડ ન કરીએ અને સોશ્યલ ડિસ્ટન્સીંગનું ચુસ્તપણે પાલન કરીએ - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત